# મગફળીના ભાવ મજબૂત રહેવાની સંભાવના

ગુજરાતમાં ચાલું વર્ષ ૨૦૨૦-૨૧ ની ખરીફ સીઝન દરમિયાન ચોમાસુ જૂનના બીજા સપ્તાહમાં સમયસર બેસી ગયેલ હતું અને વિક્રમ જનક ખુબજ સારો વરસાદ થયેલ છે. પરંતુ ૫ થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૦ દરમ્યાન સતત વરસાદના લીધે પાકોને મોટા પાયે નુકસાન થયેલ છે અને ખાસ કરીને સૌરાષ્ટ્રના મગફળીના મુખ્ય વિસ્તારમાં વધારે નુકસાન થયું છે. મગફળીની વાવણી જૂનમાં મહદઅંશે પૂર્ણ થઇ ગયેલ. ગત વર્ષ ૧૯૨૦ની ખરીફ ઋતુમાં રાજ્યમાં મગફળીનું વાવેતર અંદાજે ૧૬.૨૯ લાખ હેક્ટર થયેલ હતું. જે વધી ને આ વર્ષે ૨૦.૬૫ લાખ હેકટરમાં થયેલ છે.

આ વર્ષે ગુજરાતમાં ખરીફ મગફળીનું ઉત્પાદન ૫૪.૫૫ લાખ ટન જેટલું અંદાજવામાં આવેલ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૫-૯-૨૦૨૦). જે ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૫ લાખ ટન હતું. જો કે આ વર્ષે અંદાજે ૨૦ ટકા જેટલું નુકસાન થયેલ હોઈ, ઉત્પાદન અગાઉના વર્ષ જેટલું જ, કે તેનાથી થોડું ઓછું રહેવાની શક્યતા છે. રાષ્ટ્રીય સ્તરે, વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ખરીફ મગફળીનું ઉત્પાદન ૯૫.૩૫ લાખ ટન અંદાજવામાં આવેલ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૫-૦૯-૨૦૨૦), જે વર્ષ ૨૦૧૯-૨૦ માં માત્ર ૮૩.૬૭ લાખ ટન જેટલું હતું અને તેમાં રવિ ઋતુના ઉત્પાદનને ઉમેરતા તે અંદાજે ૧૦૧ લાખ ટન થયેલું હતું અને વાવેતર અંદાજે ૪૬ લાખ હેક્ટરમાં થયેલ હતું.

ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન દેશમાંથી ૬.૬૪ લાખ ટન મગફળીની નિકાસ થઈ હતી જે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૪.૮૯ લાખ ટન હતી અને ચાલુ વર્ષે તે આશરે ૭ લાખ ટન જેટલી થવા સંભવ છે. હાલમાં ગુજરાતની વિવિધ બજારોમાં મગફળીનો ભાવ મણના રૂા. ૧૦૫૦ આસપાસ પ્રવર્તમાન છે, જે કાપણીની સિઝનમાં જયારે બજારમાં મહતમ આવક થશે ત્યારે હાલની સપાટીથી થોડા નીચા રહેશે. સને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે સરકારશ્રીએ મગફળીનો ટેકાનો ભાવ મણના રૂા. ૧૦૫૫ નક્કી કરેલ છે (૫૨૭૫ રૂપિયા/ક્વિન્ટલ).

દેશમાં ગત વર્ષ ૨૦૧૯-૨૦ માં તેલીબિયાનું કુલ ઉત્પાદન આશરે ૩૩૪.૨૩ લાખ ટન થયેલ હતું. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૬ ટકા વધારે હતુ. આ વર્ષે ખરીફ તેલીબિયાંનું ઉત્પાદન ૨૫૭ લાખ ટન થવાનો અંદાજ છે, જે પાછલા વર્ષ કરતા થોડું વધારે (૨૫૫.૫ લાખ ટન) છે. વર્ષ ૨૦૧૮-૧૯ માં દેશમાં ખાદ્યતેલની આયાત ૧૫૦ લાખ ટન થયેલ હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૧૪૩ લાખ ટન થયેલ હતી. જાન્યુઆરી, ૨૦૨૦ થી ખાદ્યતેલની આયાત કર માં વધારો થવાથી અને ત્યારબાદ કોવિડ-૧૯ની સમસ્યાઓના લીધે આયાત ઘટેલ હતી. આથી મગફળીના ભાવ જે જાન્યુઆરી, ૨૦૨૦ માં મણના રૂા. ૧૦૦૦ જેટલા હતા, તે વધીને માર્ચમાં રૂા. ૧૧૦૦ થયા અને મે, ૨૦૨૦માં રૂા.૧૨૫૦ થી પણ વધારે થયેલ હતા.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં મગફળીના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ **એવું અનુમાન છે, કે મગફળીનો ભાવ ઓક્ટોબર થી ડિસેમ્બર ૨૦૨૦ દરમ્યાન મણના રૂા. ૯૫૦ થી ૧૦૫૦ જેટલા રહેવાની સંભાવના છે** (૪૭૫૦-૫૨૫૦ રૂપિયા/ક્વિન્ટલ). જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, મગફળીનો સંગ્રહ કરવા તેમ જ જાન્યુઆરી, ૨૦૨૧ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જે ખેડૂતભાઈઓને મગફળીનો સંગ્રહ કરવો પરવડે તેમ ન હોય, તેઓ ટેકાના ભાવે (માર્કેટ યાર્ડમાં) ખરીદ કેન્દ્રો ખાતે વેચાણ કરે.

જો સરકારશ્રી દ્વારા ખાદ્યતેલની આયાત ઉપર નિયંત્રણ રાખવા, આયાત કર વધારવાની નીતિ ચાલું રાખવામાં આવશે, તો ભવિષ્યમાં મગફળીના ભાવમાં થોડા વધારો થવાની સંભાવના છે.